# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૧૧/૧૦/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બરમાં 'હાઉ વી ચેન્જ – મેનેજ એન્વાયરમેન્ટ' વિશે ઇન્ટરેકટીવ સેશન યોજાયુ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા બુધવારે, તા. ૯ ઓકટોબર ૨૦૧૯ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'હાઉ વી ચેન્જ – મેનેજ એન્વાયરમેન્ટ' વિષય ઉપર ઇન્ટરેકટીવ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે આર્ક્રોમા પ્રાઇવેટ લિમિટેડના મેનેજિંગ ડિરેકટર ડો. અંજની પ્રસાદ અને ઇઓન એક્ષ્ચેન્જ લિમિટેડના ઉપપ્રમુખ શ્રી નીતિન ઉંબરાલકરે પર્યાવરણની જાળવણી સાથે ઇન્ડસ્ટ્રીને વૈશ્વિક માર્કેટમાં ટકી રહેવા માટે કયા પ્રકારના બદલાવ લાવવા જોઇએ તે વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, ઇન્ડસ્ટ્રીના વિકાસની સાથે સાથે પર્યાવરણની જાળવણી પણ આપણી જવાબદારી બને છે. હાલમાં જ સુરત એનજીટીના ક્રિટીકલ ઝોનમાં મુકાયુ છે. આથી આપણે પર્યાવરણની જાળવણી માટે સજાગ રહેવુ પડશે. એન્વાયરમેન્ટ મોટો પડકાર છે અને પર્યાવરણની જાળવણી વિશે અવેરનેસ ફેલાવવાની જવાબદારીના ભાગરૂપે આજના સેમિનારનુ આયોજન કરવામાં આવ્યુ છે.

ડો. અંજની પ્રસાદે પોતાના વકતવ્યમાં ભારતની ચીન, દક્ષિણ કોરીયા અને તાઇવાન જેવા દેશો સાથેની હરીફાઇ વિશે માહિતી આપી હતી. આ નાના દેશો પણ ગુણવત્તાસભર પ્રોડકશન ઉપર વધારે ભાર મુકતા હોવાનું જણાવ્યુ હતુ. તેમણે ભારતીય બજારોની નબળાઇનો પણ ઉલ્લેખ કર્યો હતો. જેમાં આપણી પાસે મજબુત નાણાંકીય

સંસાધનોનો અભાવ, અવેલિબિલીટી એન્ડ ઇઝી એકસેસીબિલિટી ઓફ પોર્ટસ અને વિદેશી રોકાણનો અભાવ હોવાનું જણાવ્યુ હતુ.

વધુમાં તેમણે કહયુ હતુ કે, વૈશ્વિક બજારોમાં જે રીતે પરિવર્તન આવી રહયાં છે એને ઘ્યાનમાં રાખીને ભારતે નવી તકો માટે અમેરિકન અને યુરોપિયન બજારની શોધ કરવી જોઇએ. ડો. પ્રસાદે ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીમાં મેન્યુફેકચરીગ અને પ્રોસેસીગની પ્રક્રિયા દરમિયાન રહેલા પડકારો અને પ્રદુષણને નિયંત્રિત કરવા માટે કયા પગલા લઇ શકાય તે અંગે માહિતી આપી હતી.

શ્રી નીતિન ઉંબરાલકરે ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીમાં રો વોટરના મહત્વ અને અસરકારક વપરાશ વિશે માહિતી આપી હતી. તેમણે કહયુ હતુ કે, પાણીનુ વિતરણ વ્યવસ્થિત રીતે નહી કરવામાં આવે તો તેની સીધી અસર કૃષી અને ઉદ્યોગ ઉપર પડતી હોય છે. આથી વૈશ્વિક માર્કેટમાં ટકી રહેવા માટે પાણીના સંચય માટે અદ્યતન ટેકનોલોજીના ઉપયોગ ઉપર તેમણે ભાર મુકયો હતો. પાણીને વારંવાર રિસાયકલ કરીને તેનો ઇન્ડસ્ટ્રીમાં વિવિધ હેતુ માટે મહત્તમ ઉપયોગ કરી શકાય તે અંગે સમજણ આપી હતી.

ચેમ્બરની એન્વાયરમેન્ટ એન્ડ કલાયમેટ કમિટીના ચેરમેન શ્રી વત્સલ નાયકે અંતે સેમિનારનો ટૂંકમાં સાર આપતા જણાવ્યુ હતુ કે, પર્યાવરણની જાળવણીની જવાબદારી એકમાત્ર સરકારની જ નથી. પ્રદુષણ થતુ અટકાવવા માટે ઉદ્યોગોએ પણ સમયની સાથે તાલમેલ સાધીને ચાલવુ પડશે અને પર્યાવરણની જાળવણી સાથે ઉદ્યોગોનો વિકાસ સાધવો પડશે.

ચેમ્બરના રિપ્રેઝન્ટેશન સેલના કન્વીનર સીએ મિતિષ મોદીએ સેમિનારમાં પ્રાસંગિક વિધી કરી હતી. વકતાશ્રીઓએ ઉદ્યોગપતિઓના વિવિધ સવાલોના જવાબ આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનુ સમાપન કરવામાં આવ્યુ હતુ.